# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિતઃ માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા –**ધાર્મિક શિક્ષણ બોર્ડ** આયોજિત
વાર્ષિક પરીક્ષા **મહિલામંડળ / મિત્રમંડળ / યુવા -યુવતી ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૧૦–૦૧–૨૦૧૬ ● સમયઃ સવારે ૯ થી ૧૨ ● શ્રેણી : **૨** ● ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 2**

**પ્ર. : ૧. (ક) નીચેના પાઠની પૂર્તિ કરો :**

(૧) પરમત્થ ................................ સમણોવાસએણં

જ. (૧) પરમત્થ સેવણા વાવિ વાવન્ન કુદંસણ વજ્જણા સમ્મતસદ્દહણા એવા સમકિતના સમણોવાસએણ

(૨) વંદામિ ................................ એવંમએ

જ. (૨) વંદામિ રિbનેમિં પાસં તહ વદ્ધમાણંચ એવંમએ.

(૩) પુપ્ફવિહિં ................................ વિગયવિહિં

જ. (૩) પુપ્ફવિહિં આભરણ વિહિં ધૂપવિહિં પેજ્જવિહિં ભકખણવિહિં ઓદણવિહિં સૂપ વિહિં વિગયવિહિં

(૪) જીવ ................................ હણવા નિમિત્તે

જ. (૪) જીવ જાણી પ્રીછી સ્વસંબંધી શરીર માંહેલા પીડાકારી સ અપરાધી વિગલેન્દ્રિય વિના આકુટ્ટીહણવા નિમિત્તે

(૫) અસણં ................................ પાયપુચ્છણેણં

જ. (૫) અસણં પાણં ખાઈમં આઈમં વત્થ પડિગ્ગહ કંબલ પાયપુચ્છણેણં

(૬) મોયગાણં ................................ મક્ખય

જ. (૬) મોયગાણં સવ્વન્નૂણં સવ્વદરિસીણં સિવ મયલ મરુય મણંત મક્ખય

(૭) અસાવગ ................................ સામાઈએ

જ. (૭) અસાવગ પાઉગ્ગો નાણે તહ દંસણે ચરિત્તાચરિત્તે સુએ સામાઈએ

(૮) ભાડી કમ્મે ................................ જંતપીલણ કમ્મે

જ. (૮)ભાડી કમ્મે ફોડી કમ્મે દંત વાણિજ્જે કેસ વાણિજ્જે રસ વાણિજ્જે લક્ખવાણિજ્જે વિસવાણિજ્જે જંતપીલ્લણ કમ્મે.

(૯) પણગ ................................ સંક્રમણે

જ. (૯) પણગ દગ મટ્ટી મક્કડા - સંતાણા સંક્રમણે

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો : (કોઈ પણ આઠ)**

૧) આગારેહિં ૨) મરુય ૩) ન ભવઈ ૪) સીયલ ૫) અકરણયા
૬) વત્તિયા ૭) સિધ્ધા ૮) જે એ ૯) આઈગરાણં ૧૦) વંદામિ

| | | |
|---|---|---|
| જ. ૧) આગારોથી | ૫) ન રાખી હોય | ૯) ધર્મની આદિ કરનારા |
| ૨) અરુજ - રોગ રહિત | ૬) ધૂળ આદિથી ઢાંક્યા હોય | ૧૦) સ્તુતિ અથવા વંદન કરું છું. |
| ૩) ન હોય તો | ૭) સિદ્ધ થાય છે તે | |
| ૪) શ્રી શીતલનાથ સ્વામીને | ૮) જે, આ | |

(ગ) નીચેના શબ્દોનું માગધી લખો (કોઈ પણ સાત) :

૧) જિનેશ્વર દેવ ૨) કરેલ હોય ૩) સૂક્ષ્મપણે
૪) સત્કાર કરું છું ૫) તે સંબંધી ૬) કાયાને
૭) તથા ૮) સ્પર્શ કરી ખેદ પમાડયો હોય ૯) પ્રતિક્રમણ કરું છું

| | | |
|---|---|---|
| જ : ૧) જિણવરા | ૪) સક્કારેમિ | ૭) તહ |
| ૨) કરણયા | ૫) તસ્સ | ૮) સંઘટ્ટિયા |
| ૩) સુહુમેહિં | ૬) કાયં | ૯) પડિક્કમામિ. |

(ઘ) સામાયિકના ૩૨ દોષમાંથી લખો :

(૧) મનનો છઠ્ઠો ૨) વચનનો આઠમો ૩) કાયાનો પાંચમો

જ : ૧) મનનો છઠ્ઠો - નિયાણું - નિદાન
૨) વચનનો ૮ - અસુધ્ધં - સૂત્ર ઉતાવળથી અશુદ્ધ બોલવા
૩) કાયાનો ૫ - અંગોપાંગ મરડવાથી - આલંબન

**નીચેનામાં કયો દોષ લાગે ?**

(૧) ધન આદિના લાભની ભાવના કરવી.

**જ. : ૧) લાભાર્થ – મનનો દોષ**

(૨) સૂત્રના પાઠને ટૂંકા કરીને બોલવા.

**૨) સંક્ષેપ – વચનનો દોષ**

(૩) અંગને મરોડે, પ્રમાદમાં સમય વિતાવે.

**૩) આલસ્ય – કાયાનો દોષ**

---

**પ્ર. : ૨. (ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ પાંચ) :**

(૧) કાઉસ્સગ્ગનું ફળ કહો ?

**જ : (૧) કાઉસગ્ગનું ફળ : ૧) આત્મા પાપકર્મના બોજથી હળવો થાય છે. ૨) શુભ દ્યાનવાળો**

**થાય છે. ૩) સુખ સમાધિમાં રહે છે.**

(૨) ધનેડાને કેટલી ઇન્દ્રિયો હોય ? કઈ કઈ ?

**જ. (૨) ત્રણ ઈન્દ્રિય - કાય, જીભ અને નાક.**

(૩) અતિક્રમ એટલે શું ?

**જ. (૩) લીધેલા વ્રતને તોડવાની ઇચ્છા કરવી.**

(૪) યોગ કોને કહે છે ?

**જ. (૪) યોગ એટલે મન, વચન અને કાયાનો વ્યાપાર અથવા પ્રવૃત્તિ.**

(૫) કીર્તન અને વંદનથી શું લાભ થાય છે ? કોઈ પણ બે લખો.

**જ. (૫) કીર્તન અને વંદનથી ૧) જ્ઞાન વધે છે. ૨) શ્રદ્ધા વધે છે**

**૩) નવા પાપકર્મોનો બંધ થતો નથી.**

**૪) જૂના પાપકર્મો નાશ થાય છે. ૫) પુણ્યનો બંધ થાય છે.**

(૬) ચતુર્વિંશતિ – સ્તવ શા માટે કહે છે ?

**જ. (૬) વર્તમાન અવસર્પિણી કાળમાં થયેલા ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરવમાં આવેલ છે.**

(૭) ઈરિયાવહિયંને આલોચના સૂત્ર શા માટે કહે છે ?

**જ. (૭) રસ્તામાં જતાં-આવતાં થતી વિરાધનાની માફી માગવમાં આવે છે.**

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ બે)**

(૧) નમોત્થુણંમાં મોક્ષની વિશેષતા બતાવતા શબ્દો કયા છે ?

**જવાબ (ખ) (૧) શિવ, મચલ, મરૂચ, મણંત, મક્ખય, મવ્વાબાહ અને મપુણરાવિત્તિ ૭ શબ્દો દ્વારા મોક્ષની વિશેષતા બતાવેલ છે.**

(૨) સામાયિક કરવાથી શું લાભ થાય છે ?

**જ. (૨) ૧) સાવદ્યયોગનો ત્યાગ થાય છે. ૨) સમભાવની પ્રાપ્તિ થાય છે. ૩) સર્વ જીવોને અભયદાન મળે છે. ૪) કર્મનિર્જરા થાય છે. શુભ કર્મનો બંધ થાય છે. ૫) સારી ગતિનું આયુષ્ય બંધાય અને અનુક્રમે મોક્ષની પ્રાપ્તિ થાય છે. ૬) બે ઘડી સાધુ જેવું જીવન જીવાય છે અને ધર્મનું વાંચન કરવાનો અવસર પ્રાપ્ત થાય છે.**

(૩) નિંદામિ અને ગરિહામિ વચ્ચે શું તફાવત છે ?

**જ. (૩) નિંદામિ એટલે આત્મસાક્ષીએ દોષોની આલોચના. ગરિહામિ એટલે ગુરુસાક્ષીએ દોષોની આલોચના**

**(ગ) નીચેની ખાલી જગ્યા પૂરો :**

(૧) કાઉસ્સગ્ગ ........... શબ્દ બોલીને પારવામાં આવે છે.

**જ. (૧) કાઉસ્સગ્ગ નમો અરિહંતાણં શબ્દ બોલીને પારવામાં આવે છે.**

(૨) વાણીથી સ્તુતિ કરાયેલા એટલે .........

**જ. (૨) વાણીથી સ્તુતિ કરાયેલા એટલે કિત્તિય**

(૩) ૧૮ પાપની પ્રવૃત્તિને .......કહે છે.

**જ. (૩) ૧૮ પાપની પ્રવૃત્તિને સાવદ્યયોગ કહે છે.**

(૪) વિરાધના એટલે ......

**જ. (૪) વિરાધના એટલે જીવોની હિંસા**

(૫) ક્રિયાનું સાધન એટલે ......

**જ. (૫) ક્રિયાનું સાધન એટલે કરણ**

(૬) પાપના પગથિયાં ...... છે.

**જ. (૬) પાપના પગથિયાં ચાર છે.**

(૭) તીર્થંકરને ...... અને ...... ઉપમા આપી છે.

**જ. (૭) તીર્થંકરને ચંદ્ર સૂર્ય, અને સાગર ઉપમા આપી છે.**

(૮) શ્રાવકને ...... કોટિએ સામાયિકના પચ્ચક્ખાણ હોય.

**જ. (૮) શ્રાવકને ૬ કોટિએ સામાયિકના પચ્ચક્ખાણ હોય.**

---

## પ્ર. : ૩. સંસ્કાર વિભાગ :

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(૧) કઈ વસ્તુઓ ઉપર મમત્વ ન કરવું જોઈએ ?
(૨) મોક્ષમાં શું હોય છે ?
(૩) મહાન થઈને શું કરીશું ?
(૪) સુખ અને દુઃખ કોના જેવું નાશવંત છે ?
(૫) કષ્ટ અને શ્રદ્ધાવાન માટે કોને યાદ કરીશું ?
(૬) આ દુનિયા શાનાથી ભરેલી છે ?
(૭) આત્માને કોણ જોઈ શકે છે ?
(૮) બધાને મારા માનવાથી શું થાય ?
(૯) સાચું શરણું કોણ આપે ?
(૧૦) સચેતનો ત્યાગ એટલે શું ?
(૧૧) જ્ઞાન વૃદ્ધિનો બીજો, પાંચમો અને નવમા બોલમાંથી કોઈ પણ બે બોલ લખો.
(૧૨) આત્માનું વજન કેટલું ? સ્વાદ કેવો ? સ્પર્શ કેવો ?

## જવાબ : ૩ સંસ્કાર વિભાગ :

**(૧) અનિત્ય, ક્ષણિક, નાશવંત વસ્તુઓ ઓળખી લઈ તેના પર મમત્વ ના કરવું.**
**(૨) આનંદ**
**(૩) આત્મઉદ્ધાર અને જગતનું કલ્યાણ કરીશું.**
**(૪) પાણીના પરપોટા અને સંધ્યાના રંગ જેવું.**
**(૫) કષ્ટ - મહાવીરસ્વામી, શ્રદ્ધાવાન, બાલ અમરકુમાર.**
**(૬) આ દુનિયા દુઃખ, રોગ, કલેશ, અશાંતિથી ભરેલી છે.**
**(૭) શુદ્ધા આત્માને જેઓ સ્વયં શુદ્ધ હોય તેવા જ આત્મા જોઈ શકે છે.**
**(૮) બધાને મારા માનવાથી રાગ અને દ્વેષ થાય છે.**
**(૯) ભગવાન.**
**(૧૦) જેમાં જીવ હોય તેને સચેત કહે છે. તેવા સચેત પાણી, સચેત લીલોતરી, મુખમાં પાન, માથામાં ફૂલ વગેરે ત્યાગ કરી સાધુ-સાધ્વીજી પાસે જવું.**
**(૧૧) બીજો - ઊંઘ ઘટાડીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**
**પાંચમો - જ્ઞાની પાસે અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**
**નવમો - પાંચ ઇન્દ્રિયોને વશ કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે.**
**(૧૨) વજન નથી, સ્વાદ નથી, મુલાયમ કે ખરબચડો સ્પર્શ પણ નથી.**

**(ખ) નીચેના જોડકાં જોડો :**

| (અ) | (બ) |
|---|---|
| (૧) ધન્ના અણગાર | (૧) પાંચમો અભિગમ |
| (૨) સાધુની સામાયિક | (૨) વિનય |
| (૩) આત્મા | (૩) સગાઓ બચાવે |
| (૪) મનની એકાગ્રતા | (૪) દીક્ષા |
| (૫) તકલીફમાં | (૫) તપ |
| (૬) ગૌતમ | (૬) અરૂપી |

**જવાબ : (ખ) જોડકાં :**

(૧) ધન્ન અણગાર - તપ　(૪) મનની એકાગ્રતા - પાંચમો અભિગમ
(૨) સાધુની સામાચિક - દીક્ષા　(૫) તકલીફમાં - સગાઓ બચાવે
(૩) આત્મા - અરૂપી　(૬) ગૌતમ - વિનય

---

**પ્ર. : ૪. વાર્તાના આધારે પ્રશ્નોના જવાબ લખો :**

(૧) ચંદનબાળા કઈ નગરીનાં હતાં ? તેમના માતા-પિતાનું નામ લખો.
(૨) તાપસનું નામ શું હતું ? તાપસ મરીને ક્યાં ઉત્પન્ન થયો ?
(૩) સતી ચંદનબાળાએ પ્રભુ મહાવીર સ્વામીને ભક્તિભાવથી વહોરાવ્યા પછી શું બન્યું ?
(૪) દુ:ખથી પિડીત, આપઘાત કરવા તૈયાર થયેલા છોકરાને મુનિએ શું સમજાવ્યું ?
(૫) ચંદનબાળાનું જીવન શું બોધપાઠ આપે છે ?

**જવાબ : ૪. વાર્તાના આધારે :**

(૧) ચંપાપુરી નગરી - દધિવાહન રાજા - ધારિણી રાણી
(૨) કમઠ - મેઘમાળી નામે દેવ થયો.
(૩) દેવતાઓએ સાડા બાર ક્રોડ સોનામહોરની વર્ષા કરી. ચંદનબાળાની બેડીઓ તૂટી ગઈ અને તેનાં સુવર્ણનાં આભૂષણો થઈ ગયાં. આકાશમાં દેવદુંદુભિ વાગી.
(૪) ભાઈ, આ જગતમાં કેટલાય દુઃખી જીવો છે. તેમની પ્રેમથી સેવા કર. સેવા કરવામાં તારું દુઃખ ભુલાઈ જશે. સેવા સંસારમાં રહીને પણ કરી શકાય અને સાચી છ'કાય જીવોની દયારૂપ આત્માની સેવા સાધુ થઈને પણ કરી શકાય. આ બંનેમાં સાધુ થઈને સેવા કરવી ઉત્તમછે.
(૫) **ચંદનબાળાના જીવનનો બોધપાઠ :** આવેલાં કર્મોને સમતાથી સહન કરવાં જોઈએ. કર્મો રાજાને રંક અને રંકને મહાન બનાવવાની તાકાત રાખે છે. દરેક વિષય પરિસ્થિતિમાં કોઈ વ્યક્તિને દોષ આપવાને બદલે આપણે આપણાં કર્મોનો દોષ આપવો જોઈએ. સદાય શુભ ભાવમાં રહેવાથી કર્મો કપાઈ જાય છે. સાથે નવા કર્મોનો બંધ પણ થતો નથી.

**અથવા**

(૫) નંદીષેણ મુનિના જીવન પરથી આપણે શું બોધપાઠ લેવો જોઈએ ?

**જવાબ :** **નંદીષેણ મુનિના જીવન પરથી બોધપાઠ :** અજ્ઞાનતાથી લીધેલું પગલું આપણને વધારે દુઃખ આપી શકે. સંતોનો સત્સંગ હંમેશાં ફળદાયી હોય છે. સેવા સ્વાર્થ વગરની ચોક્કસ જોવા મળે છે. પોતાનું કાર્ય કરતી વખતે આપેલ તમામ વિઘ્નોને નજરઅંદાજ કરવાથી મંજિલે પહોંચી શકાય છે. મળેલી શક્તિનો બીજા માટે ચોક્કસ યથાશક્તિએ ઉપયોગ કરવો જોઈએ. અનેક જીવન સ્વ માટે જીવ્યા પછી એક જીવન આપણે પરમાત્માને સમર્પિત કરી એમના રસ્તે ચાલવું જોઈએ.

---

**પ્ર. : ૫. કાવ્ય પૂર્તિ કરો :**

(૧) મારા દુર્ગુણ ............... આદેશો
(૨) લઈ લેવાની ................ દ્વાર તમારે
(૩) લોકો કહેતા ................ મહાન છે.
(૪) સાધુઓ .................. ઉધ્ધાર .

**જવાબ : ૫. કાવ્ય પૂતિ :**

(૧) મારા દુર્ગુણ ના દેખ્યા, બસ કરુણા વર્ષાવી
એની આજ્ઞા ધરવામાં, હું હીણપત માનું છું.
સંતોએ સમજવ્યા, ઈશ્વરના આદેશો.
(૨) લઈ લેવાની (૨) જો દાનત જાગે, તો દાનવૃત્તિમાં અમે વાળવાના.
દેહ મળ્યો છે ભવ તરવાને, ધર્મ કરીશું એના સહારે
ખાવાપીવાના શોખ ભૂલીશું, ફરવા જઈશું તો દ્વાર તમારે.
(૩) લોકો કહેતા આગળ ના વધશો, સાગરમાં તુફાન છે.
પણ મુજને તું સાચવનારો, જગનો તાત મહાન છે.
(૪) સાધુઓ સત્તાવીશ ગુણોથી શોભતા, સદ્‌ગુણોના ભંડાર...
નમસ્કાર હો એવા પ્રભુને, તેમના વિના નહિ ઉદ્ધાર. **॥ જય જિનેન્દ્ર ॥**